# ગુજરાત હાઈકોર્ટ

## <u>પરિપત્ર</u>

તા.૧૫-૦૮-૨૦૨૦

### <u>ગુજરાત હાઈકોર્ટ દ્વારા *EmailMyCaseStatus* ઈ-સેવાનો આરંભ</u>

કોરોના વાયરસ (કોવિડ-૧૯) ના કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિના પરિણામે હાઈકોર્ટ પરિસરમાં વિ. વકીલશ્રીઓ, પક્ષકારો તેમજ જાહેર જનતાના પ્રવેશમાં આવેલ અડચણોના કારણે હાઈકોર્ટના ઈન્કવાયરી કાઉન્ટરની સેવાઓ તેઓ મેળવી શકતા ન હોઈ, ગુજરાત હઈાકોર્ટના નામદાર મુખ્ય ન્યાયાધીશ ન્યાયમુર્તિશ્રી વિક્રમ નાથ સાહેબ નાઓએ કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કેસની માહિતી ઈમેઈલ દ્વારા મેળવી શકે તેવી સેવા વિકસિત કરવા આદેશ કરેલ. નામદાર મુખ્ય ન્યાયાધીશશ્રી સાહેબ તેમજ હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ્રીઓની આઈસીટી એન્ડ ઈગવર્નન્સ કમિટીના વિશેષ માર્ગદર્શન અનુસાર વિ. વકીલશ્રીઓ, કેસના પક્ષકારો, સરકારી વિભાગો, પત્રકારો તેમજ જાહેર જનતા પોતે જે ઈમેઈલ એડ્રેસ પર કેસોની માહિતી મેળવવા ઈચ્છે, તે એક સરળ એસએમએસ દ્વારા નોંધાવે તે ઈ-મેલ એડ્રેસ ઉપર, કેસ સ્ટેટસ, આવતી તારીખો, જો ફેંસલ થાય તો તે તારીખ અને જે હુકમ કે ચુકાદા કરવામાં આવે તેની પીડીએફ (PDF) નકલ સાથે નિયમિત ઈમેઈલ દ્વારા મોકલવામાં આવે, તેમ નિર્દિષ્ટ કરવામાં આવેલ. આવી માહિતી જ્યાં સુધી તે કેસ ફેંસલ ન થાય ત્યાં સુધી મોકલવાનું સુચન પણ કરવામાં આવેલ.

ન્યાય અને ન્યાયાલય સુધીની પક્ષકારો તેમજ જાહેર જનતાની પહોંચ ને વધુ સુગમ બનાવવા માટે વિકસિત કરેલ આ સેવા નું નામ "***EmailMyCaseStatus***" રાખવામાં આવેલ છે. આ સેવા દેશમાં આ પ્રકારની પ્રથમ સેવા છે, જે દ્વારા કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા, જે આમ પણ હાલ હાઈકોર્ટની વેબસાઈટ પર જઈને કોઈ પણ કેસની માહિતી જોઈ અને મેળવી શકે છે, તેઓ ઘેર બેઠા કોઈ પણ કેસની હાલની તેમજ ભવિષ્યની માહિતી અને તેના હુકમ કે ચુકાદા ઈમેઈલ દ્વારા મેળવી શકશે, જે માટે ફક્ત એક ઈમેઈલ એડ્રેસ અને તેની નોંધણી એસએમએસ (SMS) દ્વારા કરાવવા માટે એક મોબાઈલ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.

ગુજરાત હાઈકોર્ટ દ્વારા શરૂ કરવામાં આવેલ આ **EmailMyCaseStatus** સેવા એક રીતે વર્ચ્યુઅલ ઈન્કવાયરી કાઉન્ટર કે ઈ-કાઉન્ટર ની રીતે સેવા પુરી પાડશે, જેમાં કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને ફક્ત હાલની જ નહિ પરંતુ જે-તે કેસની ભવિષ્યની માહિતી પણ ઈમેઈલ દ્વારા મોકલવામાં આવશે. નામદાર મુખ્ય ન્યાયાધીશશ્રીના આદેશ મુજબ આ પ્રકારની સેવા જીલ્લા અદાલતો માટે પણ સમય જતાં શરૂ કરવામાં આવશે.

આ સેવાનો લાભ કઈ રીતે મેળવી શકાશે તેની વિગતવાર પદ્ધતિ નીચે આપવામાં આવેલ છે.

**રજીસ્ટ્રાર જનરલ**

# <u>ગુજરાત હાઈકોર્ટ દ્વારા શરૂ કરવામાં આવેલ *EmailMyCaseStatus* સેવા મેળવવાની પદ્ધતિ</u>

1. હાઈકોર્ટમાં ચાલુ હોય તેવા કોઇ પણ કેસની ઈમેઈલ દ્વારા માહિતી મેળવવા ઈચ્છતા હોય તેઓએ પોતાના મોબાઇલ નંબર થી એસએમએસ (SMS) મોકલીને પહેલાં પોતાની ઈમેઈલ એડ્રેસ અને ત્યાર બાદ જે કેસોની માહિતી મેળવવી છે તે કેસોના **CNR નંબર** નોધાવવાના રહેશે.

2. દરેક કેસ દાખલ થતાં તેના ફાઈલીંગ નંબર સાથે તેને એક **CNR નંબર** પણ આપવામાં આવે છે. કેસનો CNR નંબર એ એક તે કેસનો ૧૬ અક્ષરોનો **GJHC240193932020** જેવો અનન્ય (unique) નંબર છે, જે હાઈકોર્ટની વેબસાઇટ ઉપર ના કેસ સ્ટેટસમાં બતાવવામાં આવેલ છે.

3. સૌથી પહેલા ઈમેઈલ નોંધાવવાનો એસએમસ (SMS) હાઈકોર્ટની ***EmailMyCaseStatus*** સેવાના મોબાઇલ નંબર **9998880820** પર નીચે મુજબ મોકલવાનો રહેશે.

**REG <સ્પેસ> <ઈમેઈલ એડ્રેસ> દા.ત. REG abcdadv@xyz.com**

4. ઉપરોક્ત ઈમેઈલ એડ્રેસ ઉપર એક ઓટીપી (OTP) પાસવર્ડ મોકલવામાં આવશે જે OTP પાસવર્ડ હાઈકોર્ટની ***EmailMyCaseStatus*** સેવાના મોબાઇલ નંબર **9998880820** પર, જે મોબાઇલથી ઉપરનો ઈમેઈલ નોધણી એસએમએસ મોકલવામાં આવેલ તે મોબાઇલ થી જ નીચે મુજબના એસએમએસ (SMS) દ્વારા મોકલવાનો રહેશે.

**OTP <સ્પેસ> <ઓટીપી પાસવર્ડ> દા.ત. OTP 123456**

5. ગુજરાત હાઈકોર્ટની ***EmailMyCaseStatus*** સેવા માટે સફળ નોંધણીની જાણ ઈમેઈલ તેમજ એસએમએસ દ્વારા ઈમેઈલ એડ્રેસ અને મોબાઇલ નંબર પર કરવામાં આવશે.

6. ઈમેઈલ એડ્રેસ તેમજ મોબાઇલ નંબરની આ નોંધણી પ્રક્રિયા એક જ વખત કરવાની રહેશે. સફળ નોંધણી થયા બાદ તે ઈમેઈલ એડ્રેસમાં જે કેસોની માહિતી મેળવવી હોય તે કેસોની નોંધણી તેજ મોબાઇલ નંબર થી એસએમએસ(SMS) મોકલીને કરવાની રહેશે.

7. નોંધાયેલ ઈમેઈલ એડ્રેસ માટેના કેસ ***EmailMyCaseStatus*** સેવામાં નોંધાવવા નીચે મુજબનો એસએમએસ(SMS) નોંધાયેલ મોબાઇલ નંબરથી કરવાનો રહેશે.

**ADD <સ્પેસ> <CNR નંબર> દા. ત. ADD GJHC240193932020**

8. તે જ રીતે, જ્યારે નોંધાયેલ કેસની ભવિષ્યની માહિતી મેળવવા ન માંગતા હોય તો તે કેસ આ સેવામાંથી કાઢી નાંખવા માટે નોંધાયેલ મોબાઇલ નંબરથી નીચે મુજબનો એસએમએસ(SMS) કરવાનો રહેશે.

**DEL <સ્પેસ> <CNR નંબર> દા. ત. DEL GJHC240193932020**

9. કેસની સફળ નોંધણીની જાણ ઈમેઈલ દ્વારા નોંધાયેલ ઈમેઈલ એડ્રેસ પર કરવામાં આવશે.

10. એક મોબાઇલ નંબર અને તેની સાથે નોંધાયેલ ઈમેઈલ એડ્રેસ માટે ૯૯ સુધીના કેસો આ સેવા માટે નોંધાવી શકાશે. જ્યારે પણ નોંધાયેલ કેસોમાં કોઇ પણ આગળની કાર્યવાહી જેમ કે લિસ્ટીંગ તારીખ, હુકમ કે ચુકાદા આપેલ હોય કે કેસ ફેંસલ થયેલ હોય તેની માહિતી આપેલ હુકમ કે ચુકાદા ની પીડીએફ (PDF) નકલ સાથે હાઈકોર્ટના આવતા ચાલુ દિવસ સુધીમાં મોકલવામાં આવશે.

- - - - - - - -